

'વકીલોને ટ્રેનિંગ' : ગાંધીનગર ડીસ્ટ્રીકટ કોર્ટના કોન્ફરન્સ હોલમાં સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લાના ૨૦ જેટલા વકીલોને અનુલક્ષી મીડીએશન ટેકનીક ટ્રેનીંગ યોજવામાં આવી હતી. દિલ્હીના એડીશનલ ડીસ્ટ્રીકટ જજ શ્રી દુરાણી તેમજ સિનિયર એડવોકેટ અજય મહેતાએ જરુરી માર્ગદર્શન આપ્યું હતું.

# સરઢવમાંથી દારૂની બોટલો અને બિયરના ટીન જપ્ત

## બાતમીના આધારે દુકાનની ઓરડીમાંથી જથ્થો પકડાયો

ગાંધીનગર, તા. ૨૬

સરઢવમાં કિરાણા સ્ટોર્સ તથા સ્વાન આહાર કેન્દ્રની ઓરડીમાંથી પેથાપુર પોલીસે આજે વિદેશી દારૂની બાટલો અને બિયરના ટીન સાથે રૂ. ૧૦,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સરઢવમાં સ્થિત કિરાણા સ્ટોર્સ નામની દુકાન વિસ્તારમાં દારૂનો જથ્થો હોવાની બાતમી પેથાપુર પોલીસને મળી હતી. બાતમીના આધારે પેથાપુર પોલીસે ગત રાત્રિના દરોડો પાડી તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન કિરાણા સ્ટોર્સ તથા સ્વાન આહાર કેન્દ્રની ઓરડીમાંથી વિદેશી દારૂની બોટલો તેમજ બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે આરોપી કીરીટ ખોડાભાઈ પટેલની ધરપકડ કરી રૂ. ૧૦,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પેથાપુર પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર કુંતાણીએ આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ગાંધીનગર જિલ્લા કોગ્રેંસ સમિતિના મંત્રી પદે નટવસિંહ ભાટીની નિમણુંક

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના બાલવા વતની નટવરસિંહજી ચંદનજી ભાટી છેલ્લા ઘણા સમયથી સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. તેઓની કામગીરીને પ્રોત્સાહન રૂપે કદર કરીને ગાંધીનગર જિલ્લા કોગ્રેંસના મંત્રી તરીકે નિમણુંક થયેલ છે. તેમજ તેઓ ગાંધીનગર રાજપુત સમાજના કારોબારી સભ્ય તરીકે પણ સેવાઓ આપે છે. જેથી રાજપુત સમાજ અને ગ્રામજનોએ અભિનંદન પાઠવ્યા છે.

## ડેમોક્રેટીક પીપલ્સ એસોસીએશનની ૨૮મી સાધારણસભા

ગાંધીનગર, તા. ૨૬

ડેમોક્રેટીક પીપલ્સ એસોસીએશન સભ્યશ્રીઓની સને ૨૦૧૧-૧૨ના વર્ષની વાર્ષિક સાધારણ સભા તા. ૨૮મી જૂનના રોજ સિદ્ધાર્થ લો કોલેજ હોલ સેકટર-૧૬ સાંજે ૪.૩૦ કલાકે મળશે. ૨૦૧૧-૧૨ના વર્ષની પ્રવૃતિ તથા હિસાબો રજૂ થશે. સંસ્થાના પ્રવકતા ડી.એલ.પરમારે જણાવેલ છે.

## વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના શ્રી વિશ્વકર્મા સેવા સમાજના પ્રમુખ બાબુલાલ જે. સુથારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે દર વર્ષે સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓનું ઈનામ તથા પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવે છે. આ વર્ષે પણ તેજસ્વી તારલાઓને સન્માનવામાં આવશે.

સમાજના તેજસ્વી તારલાઓએ આ અંગેના ફોર્મ શ્રી વિશ્વકર્મા, મંદિર, સેકટર-૧૨, ગાંધીનગરના કાર્યાલય પરથી સવારના ૧૦ થી ૧૨ કલાક દરમિયાન મેળવી લેવા. ફોર્મ સંપૂર્ણ વિગતો ભરીને સમાજના કાર્યાલયમાં જ તા. ૩૧મી ઓગષ્ટ ૨૦૧૨ સુધીમાં ભરીને આપી જવું અને આ અંગેની પહોંચ મેળવી લેવા મંત્રી આર.એસ. ગજ્જરે જણાવ્યું છે.

## ખેડૂતોને વિના મૂલ્યે ટ્રાયકોગ્રામા ગાર્ડનું વિતરણ જુલાઈ માસથી શરૂ

### ગાંધીનગરમાં કાર્યરત ખેતી નિયામકની કચેરીનો સંપર્ક સાધવા ખેડૂતોને સૂચના

ગાંધીનગર, તા. ૨૬

સમગ્ર રાજયમાં એક માત્ર જૈવિક નિયંત્રણ પ્રયોગશાળા સેકટર-૧૫ ખાતે આવેલી છે. આ પ્રયોગશાળા પાકમાં આવતી નુકશાનકારક ઈયળોના નિયંત્રણ માટે ટ્રાયકોગ્રામા ગાર્ડનું ઉત્પાદન કરે છે. આ કાર્ડ ખેડૂતોને વિના મૂલ્ય આપવામાં આવે છે. ટ્રાયકોગ્રામા ગાર્ડનું વિતરણ જુલાઈ મહિનાથી કરવામાં આવશે. જે ખેડૂતો ટ્રાયકોગ્રામ ગાર્ડ મેળવવા ઈચ્છતા હોય તેમણે નાયબ ખેતી નિયામક (ભૂમિ સંકલનકાર) ની કચેરી, મદદનીશ ખેતી નિયામકની કચેરી, જૈવિક નિયંત્રણ પ્રયોગશાળા, ગ-૫, સેકટર-૧૫, ગાંધીનગર અથવા ફોન નંબર ૦૭૯ - ૨૩૨ ૨૨૪૬૮૫૨ સંપર્ક કરવા નાયબ ખેતી નિયામક (ભુ. સં) એ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ગાંધીનગર અને અમદાવાદ ગઢવી સમાજના ચારણ ભકત કવિ સ્વ. નારણદાન સુરૂને શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા.૨૬

ચારણી સાહિત્યનાં 'રામ રસેન્દુ ચંદ્રિકા' ગ્રંથના રચયિતા અને ચારણ ભકત કવિ નારણદાનજી સુરૂનો તાજેતરમાં સ્વર્ગવાસ થયો છે. રાજકોટ જિલ્લાના ચારણીયા ગામના વતની નારણદાનજી સુરૂના દુઃખદ અવસાનથી ગાંધીનગર અને અમદાવાદના ગઢવી ચારણ સમાજે ઘેરા દુઃખની લાગણી અનુભવી છે અને તેમના આત્માને ચિર શાંતિ માટે શ્રદ્ધાંજલિ અર્પી છે.

અખિલ ગુજરાત ચારણ-ગઢવી સમાજ ટ્રસ્ટ ગાંધીનગર તથા આઈ શ્રી ખોડિયાર મંદિર પરિવાર અને દેવીયાણ ગાનસભા દ્વારા સ્વ. નારણદાન સુરૂને શ્રદ્ધાંજલિ પાઠવવા માટે શોકસભાનું આયોજન અખિલ ગુજરાત ચારણ ગઢવી સમાજ ટ્રસ્ટના પ્રમુખ સમરથદાન ઝુલાના અધ્યક્ષસ્થાને અને ગુજરાત સરકાર મહેસુલ સચિવ વસંતભાઈ ગઢવીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. અખિલ ગુજરાત ચારણ ગઢવી સમાજના મહામંત્રી ભરતભાઈ કવિએ ચારણ ભકત કવિ નારણદાન સુરૂના જીવન કવન-સાહિત્ય અંગે માહિતી આપી હતી.

વસંતભાઈ ગઢવીએ સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું હતું કે તેઓ 'લો પ્રોફાઈલ'માં રહેતા તેમણે સાહિત્ય વિરાટ ચારણ કવિ તરીકેની તેમની આભાને પ્રકાશિત કરે છે. ચારણી સાહિત્યના અભ્યાસ નરહરદાન જેતદાન ગઢવી અને લોકસાહિત્યકાર શિવદાન ગઢવીએ નારણદાન સુરૂની કેટલીક રચનાઓનું રસપાન શ્રદ્ધાંજલિ સભામાં કરાવ્યું હતું. સ્વર્ગસ્થ દ્વારા ચારણી સાહિત્યમાં અપાયેલા યોગદાનને યાદ કરી બે મિનિટનું મૌન પાળવવામાં આવ્યું હતુ અને તેમના જવાથી ચારણ સમાજને ન પુરી શકાય તેવી ખોટ પડયાની લાગણી સૌએ વ્યકત કરી હતી.

ગાંધીનગર ખાતે યોજાયેલી શ્રદ્ધાંજલિ સભામાં અખિલ ગુજરાત ચારણ ગઢવી સમાજ ટ્રસ્ટના પ્રમુખ સમરથદાન ઝુલા, મહામંત્રી ભરત કવિ, ઉપપ્રમુખ નરહરદાન દેથા, કોષાધ્યક્ષ અજીતદાન ગઢવી, આઈ શ્રી ખોડિયાર મંદિર પરિવારના પ્રમુખ સાગરદાન ગઢવી, નરહરદાન જે. ગઢવી, વજુભાઈ ગઢવી, શિવદાન મહેદુ, અશોકદાન ગઢવી, મનુભાઈ ગઢવી, માનભાઈ ગઢવી અને દેવીયાણ ગાનસભાના પ્રણેતા નવલદાન ગઢવી સહિત શોકાંજલિમાં ઉપસ્થિત રહ્યા હતાં. અમદાવાદ ખાતે ચારણ પ્રગતિ મંડળ ટ્રસ્ટ દ્વારા પણ કવિ નારણદાન સુરૂને સર્વશ્રી શિવદાન ગઢવી, ભરતભાઈ વકીલ, પ્રિ. બનેસિંહભાઈ ગઢવી, ભરત કવિ, પ્રભુદાન બી. ગઢવી, નરહરદા દેથા, અજીતદાન ગઢવી, ઘનશ્યામસિંહ ગઢવી અને બળવંતસિંહ ગઢવીએ શોકાંજલિ પાઠવી હતી.

# સેકટર-૭ડી શહેરીજનની ડીરેકટરી પ્રસિદ્ધ કરાશે

ગાંધીનગર, તા. ૨૬

સેકટર-૭ ડી, શહેરીજન સંસ્થા અને સેકટર-૭ ડી નિવૃત અધિકારી મંડળ સ્થાપાયે બે દાયકા પૂરા કરે છે. છેલ્લે ૬ વર્ષ અગાઉ ૮ સંયુકત ડીરેકટરી પ્રસિધ્ધ થયેલ હતી. હવે જ્યારે ૨૦ વર્ષ પૂરા થયા છે. ત્યારે ૨૦૧૨ની સંયુક્ત ડીરેકટરી પ્રસિધ્ધ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ વખતે ડિરેકટરીમાં સભ્યો ઉપરાંત સેકટર૭ડીના તમામ પ્લોટ ધારક, મુખ્ય વ્યક્તિ- મંડળના સભ્યો હોય કે ન હોય તેઓને પણ આવરી લેવાનું કારોબારીએ સર્વાનુમતે ઠરાવેલ છે. સેકટર-૭ડી માં ૩૫૦ ઉપરાંત રહેઠાણવાળા મકાનો છે. પ્લોટ નં. ૧૨૦૧ થી ૧૩૭૦ સુધી પ્લોટોને ડીરેકટરીમાં સમાવેશ કરવાનો પ્રયાસ છે. પ્લોટધારકોને જણાવવાનું કે આપને ત્યાં પ્રતિનિધી માહિતી મેળવવા આવે તો સહકાર આપવા સંસ્થાના પ્રમુખ જે.જી. ભટ્ટ, કાર્યકરી પ્રમુખ કે.એસ. પંડ્યા, એસ.એમ. શાહ, મહામંત્રી કે.ઓ.વ્યાસે જણાવેલ છે.

## ગોદડિયા પરિવાર દ્વારા ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૬

ગોદડિયા પરંપરામાં ગુરુના સવિશેષ મહત્વને સાર્થક કરવા ભોજન અને ભજન સાથે ગુરુ પૂર્ણિમા મહોત્સવ તા. ૩જી જુલાઈ-૨૦૧૨ને મંગળવારે પાટણ જિલ્લાના હારીજ તાલુકાના જૂનામાંકા ગામના રામમઢી ખાતે યોજાશે. સમગ્ર ગોદડિયા પરિવાર અને કાઠીના ગોદડિયા પરિવારજનો તથા સમગ્ર ગ્રામજનોના સહયોગથી રામમઢી ખાતે ગુરુપૂજન સવારે ૮ થી ૧૨ કલાક દરમિયાન અને પ્રસાદ બપોરે ૧૨ કલાકે લેવાશે જ્યારે હારીજ તાલુકાના કાઠી ગામે રાત્રે ૯ કલાકે ભજનનો કાર્યક્રમ યોજાશે. ૩જી જુલાઈના રોજ યોજાનાર આ ગુરુપૂજન અને ભજનના કાર્યક્રમમાં સૌ ભક્તજનોને ગોદડિયા પરિવાર દ્વારા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ૨૭મીએ સર્કીટહાઉસ ખાતે અનલોકલ એકટીવીટીઝ ટ્રીબ્યુનલ સીટીંગ

ગાંધીનગર, તા. ૨૬

અનલોકલ એકટીવીટીઝ (પ્રિવેન્શન) ટ્રીબ્યુનલનાઓની સીટીંગ તા. ૨૭ અને તા. ૨૮ જૂનના રોજ ૧૦.૦૦ વાગ્યાથી કોન્ફરન્સ હોલ, સર્કીટહાઉસ, એનેક્ષી ખાતે રાખવામાં આવી છે.

નાયબ પોલીસ મહાનિરિક્ષક પિયુષ પટેલના જણાવ્યા મુજબ આ ટ્રીબ્યુનલ દ્વારા સ્ટુડન્ટ ઈસ્લામિક મુવમેન્ટ ઓફ ઈન્ડીયા (સીમી) સંસ્થાને ગેરકાયદેસર એસોસીએશન ગણવા સંબંધી કેન્દ્ર સરકારના જાહેરનામા અનુસંધાને હીયરીંગ (સુનવણી) રાખવામાં આવનાર હોઈ, જે લોકોને આ બાબતે પુરાવાઓ આપવાની જરૂરીયાત જણાતી હોય તે તમામે એફીડેવીટ ફોર્મમાં બે નકલ ટ્રીબ્યુનલના રજીસ્ટ્રારશ્રી લોરેન બામનીયાલનાઓને આપવાની રહેશે. અને સીટીંગ દરમ્યાન ઉલટતપાસ માટે ટ્રીબ્યુનલ સમક્ષ હાજર રહેવાનું રહેશે.

જે મુજબ જાહેર જનતાને પણ સીમી સંસ્થા ઉપર પ્રતિબંધ લગાવવા સંબંધી જો કોઈપણ રજૂઆત કરવી હોય તો એફીડેવીટ સાથેની રજૂઆતની બે કોપી સાથે ટ્રિબ્યુનલ સમક્ષ હાજર રહેવા જણાવાયું છે.

## વિ-કેર ફાઉન્ડેશન દ્વારા શ્રમજીવીઓને જીવન જરૂરી વસ્તુનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૬

વિકેર ફાઉન્ડેશન પરિવાર તરફથી ૮૦૦ કિલોગ્રામ મકાઈનો લોટ. ૧૦૦ જોડ પગરખાં, સાડીઓ, ડ્રેસ, પેન્ટ, મીઠાઈ, ફળ તેમજ બિસ્કીટનું વિતરણ શ્રમજીવી પરિવારો તથા ઝુંપડપટ્ટીમાં કરવામાં આવ્યું હતું. જેમાં પ્રોજેકટ ચેરમેન કિશોરભાઈ સતાસીયા, સંજયભી પટેલ, યુવરાજસિંહ ઝાલા, પી.એ. પટેલે ભારે જહેમત લીધી હતી. સંસ્થાના મેનેજિંગ ડીરેકટરશ્રીએ જણાવેલ છે.

# મારો સ્ટાફ એ જ મારો પરિવાર

## મારા સ્ટાફ અને પરિવારના સહયોગ વિના અભય ગ્રુપનો વિકાસ શક્ય જ નથી : યુસુફભાઈ મન્સુરી




તસવીર : દિપક જાની

એક એનઆરઆઈ મિત્ર હમણાં ગાંધીનગર આવી, શહેરના એક પાર્ટીપ્લોટમાં યોજાયેલા રીસેપ્શનમાં હાજરી આપવા સ્ટેજ અને ગેટનું ડેકોરેશન જોઈ ખુશ થઈ ગઈ. ડાઈનીંગ એરિયામાં પ્રવેશતા જ બોલી, વાઉ... વ્હોટ એન એરન્જમેન્ટ... અનો અહીં પીરસાયેલી પરંપરાગત ગુજરાતી વાનગીઓનો સ્વાદ માણી તે તો જાણે પાગલ જ થઈ ગઈ, ઉત્સુકતાવશ પુછ્યુ, કેટરીંગ કોનું છે ? મે કોઈનેય ઝાઝી પુછપરછ કર્યા વિના જવાબ આપ્યો, આવું સુંદર એરેન્જમેન્ટ અભય ડેકોરેટર્સનું જ હોય..! ગાંધીનગરમાં યોજાતા કોઈ સરકારી કાર્યક્રમ હોય કે કોઈ મોટા જમણવાર હોય સૌથી પહેલુ નામ અભય ડેકોરેટર્સનું જ આવે, તેવી તેની શાખ છે. અભય ડેકોરેટર્સના યુસુફભાઈ મન્સુરી તેનો જવાબ આપતા કહે છે કે અભય ડેકોરેટર્સનું નામ અને તેની શાખ મારા સ્ટાફને આભારી છે, શારીરિક અને માનસિક રીતે થકવી નાંખતા અમારા કેટરીંગ અને ડેકેરેશનના વ્યવસાયમાં સ્ટાફનું સંપૂર્ણ પ્રતિબદ્ધતાથી જ આટલી સફળતા મળી છે તે હુ કબુલ કરૂ છું.

**સંબંધ સજાવે જિંદગી**

**વી આર ફેમિલી**

**- તબસ્સુમ પઠાણ**

gsrelation@yahoo.com

વીઆર ફેમિલીની ભાવનાને મજબુત બનાવતા યુસુફભાઈ વધુમાં કહે છે કે 'અમારો વ્યવસાય જ એવો છે કે વર્ષમા ૩૬૫ દિવસ કામ કરવુ પડે. તહેવારો હોય ત્યારે તો વધુ કામ હોય, આવા સમયે અમારો સ્ટાફ જાતે જ એકબીજાની વ્યવસ્થા અને અનુકૂળતા સાચવી લે છે. મારા સુધી ક્યારેય કોઈ ફરિયાદ આવી નથી. ૧૦૦ થી વધુ જણાના મારા સ્ટાફની પારિવારિક ભાવનાથી ગમે તેવા કપરાં સંજોગોમાં પણ અમને સફળતા મળી છે. કેટરીંગના વ્યવસાયમાં કસ્ટમર તરફથી ફરિયાદ મળવાની સંભાવનાઓ ખુબ હોય, યજમાનને છેક છેલ્લી ઘડી સુધી જમણવારની ચિંતા હોય પરંતુ અલ્લાહની મહેરબાનીથી અને મારા સ્ટાફના સહકારથી આજ સુધી કોઈ ફરિયાદ કસ્ટમર તરફથી મળી નથી.'

કેટરીંગ અભયનું હોય એટલે કોઈ ચિંતા ન કરવી, જમણવારનો પ્રસંગ સુખરૂપે પૂર્ણ થશે અને મહેમાનો ખુશ થશે જ તેવો વિશ્વાસ યુસુફભાઈએ તેમના કસ્ટમરોમાં ઉભો કર્યો છે. તેનું કારણ આપતા તેઓ કહે છે કે અમારા મુખ્ય રસોઈઆ નિતિનભાઈ મહારાજ છેલ્લા દસ વર્ષથી અમારી સાથે છે. તેમની દેખરેખ હેઠળ તૈયાર થયેલી સાતત્યપૂર્ણ રસોઈ ખુબ વખણાય છે. આ ઉપરાંત મારા સાળા બાબુભાઈ વોરા, ઓફિસના સ્ટાફમાં મનિષાબેન, નિતિનભાઈ સોની, વિજયભાઈએ અભયના વિકાસમાં આપેલા યોગદાનની નોંધ લેવી જ પડે અને હા મારા પરિવારનો સાથ સહકાર તો કેમ ભૂલાય...! પત્નિ અને બાળકોએ વ્યવસાયની સાખ ખુબ મજબુત બનાવી છે.'

ફાઈવસ્ટાર હોટલના કેટરીંગ જેવું મેનેજમેન્ટ યુસુફભાઈના પત્નિ ઝરીનાબેનની દીર્ઘદષ્ટિને આભારી છે. તેઓ દરેક નાનામાં નાના પ્રસંગ/કાક્યક્રમમાં ઉપસ્થિત રહી બધુ જ મેનેજમેન્ટ સંભાળે છે. જયારે વાનગીઓમાં નવિનતા લાવવા તેમની દીકરી ઝરણા ખુબ મહેનતથી રસપૂર્વક મહેનત કરે છે. ઈન્ટરનેટના માધ્યમથી દુનિયાભરની લોકપ્રિય વાનગીઓને શોધી તેને ગુજરાતી ટચ કેવી રીતે આપી શકાય તેની ચર્ચા તે પપ્પા સાથે કરે છે. હોટલ મેનેજમેન્ટની ડિગ્રી ધરાવતો ભત્રીજો હસીત તેમના નવા સાહસ ઝરીન કેટરીંગ પ્રાઈવેટ લીમીટેડના વિકાસ-વૃદ્ધિ પાછળ દિવસ રાત એક કરી રહ્યા છે. નાનો દિકરો ઝરીન પણ પપ્પાને સતત પ્રોત્સાહન આપતો રહે છે. યુસુફભાઈના પિતા અલ્લારખાંભાઈ મન્સુરી ચીજવસ્તુઓની ખરીદીમાં નિષ્ણાત છે. યુસુફભાઈ કહે છે કે સ્ટાફ અને પરિવારના સભ્યોના સાથ સહકાર વિના આ વ્યવસાયની મુશ્કેલીઓ સામે ટકવુ ખુબ મુશ્કેલ છે. અભય ગ્રુપની નામના અને સુવાસ તેમના થકી જ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૬

સૂર્યાસ્ત : ૭.૨૯

## તાપમાન

મહત્તમ : ૩૮.૮ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૪૩ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્કીન-૧ :

તેરી મેરી કહાની : ૧૨.૪૫, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્કીન-૨ :

તેરી મેરી કહાની : ૧૦.૦૦

ગૈંન્સ ઓફ વાસાઈપુર : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્કીન-૩ :

રાઉડી રાઠોડ : ૧.૦૦, ૧૦.૦૦

ફરારી કી સવારી : ૪.૦૦

તેરી મેરી કહાની : ૬.૪૫

: સ્કીન-૪ :

ગૈંન્સ ઓફ વાસાઈપુર : ૧૦.૦૦

ફરારી કી સવારી : ૧.૦૦, ૧૦.૦૦

રાઉડી રાઠોડ : ૩.૩૦, ૬.૩૦

### સિને મેક્સ

: સ્કીન-૧ :

રાઉડી રાઠોડ : ૧૧.૧૫, ૪.૪૫, ૧૦.૧૫

કેવી રીતે જઈશ (ગુજરાતી) : ૨.૦૦, ૭.૩૦

: સ્કીન-૨ :

તેરી મેરી કહાની : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્કીન-૩ :

ગૈંન્સ ઓફ વાસાઈપુર : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્કીન-૪ :

ફરારી કી સવારી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ગૈંન્સ ઓફ વાસાઈપુર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આપની દૂરદર્શિતા તેમજ બુદ્ધિચાતુર્યથી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. નોકરી, વ્યાપાર- વ્યવસાયમાં શુભ પરિણામો પ્રાપ્ત થઈ શકશે. ધર્મ પ્રત્યે આસ્થામાં વધારો થશે.

**વૃષભ** : તમે વ્યર્થના ભ્રમમાં રહ્યા વગર તમારા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા પ્રાપ્ત અવશ્ય થશે. કૌટુંબિક જીવનમાં કલહનું વાતારણ ઉભું ન થાય તેની તકેદારી રાખવી.

**મિથુન** : વ્યપારમાં, નોકરીમાં કે રોજગારમાં સમય પર નિર્ણય ન લઈ શકવાથી હાનિ થઈ શકે છે. પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સાર્થક થશે.

**કર્ક** : વ્યાપાર -વ્યવસાયમાં નવી યોજનાઓ બનશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા, કુટુંબમાં સામંજસ્ય બન્યું રહેશે. ભૌતિક સુખોમાં વધારો થઈ શકશે.

**સિંહ** : નોકરી -વ્યવસાયમાં સમસ્યાઓ આવવા છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભના સ્ત્રોતોથી સંબંધી સમસ્યાઓ છતાં કાર્ય થશે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે.

**કન્યા** : કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન આવી શકે છે. આપના પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થઈ શકે છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાની સંભાવના રહેલી છે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુઓ પર વિજય મેળવી શકાશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થવાની સંભાવના રહેલ છે. કોઈ પ્રકારનું ગેરવર્તન ન થાય તેની કાળજી રાખવી. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થશે.

**વૃશ્ચિક** : આજે અટવાયેલા અને એટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવી શકે છે. વાદ-વિવાદથી દુર રહેવામાં ભલાઈ છે.

**ધન** : વ્યવસાયિકક્ષેત્રમાં યોજનાઓ અધૂરી રહી શકે છે. સંતાન સંબંધી સમસ્યાઓનું નિરાકરણ આવશે તથા સંતાનની આજીવિકાની ચિંતા, યશ, પ્રતિષ્ઠા અને ઉત્સાહ વધશે.

**મકર** : વ્યવસાય- વ્યાપાર ક્ષેત્રે કાર્યની ગતિ ઉત્તમ રહેશે. પ્રયત્ન જરૂરી છે. ધન- સંપતિનાં મામલા ઉકેલાશે. સંત સમાગમ થશે. કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.

**કુંભ** : ધારેલું કાર્ય આજે પૂર્ણ થઈ શકે છે. શત્રુઓ સમાધાન પર આવી શકે છે. વાણિજ્ય વ્યવસાયમાં, સમાજમાં તમારા બુદ્ધિચાતુર્ય અને દૂરદર્શિતાની પ્રશંસા થશે.

**મીન** : વેપાર- વ્યવસાય અને નોકરી સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય પ્રાપ્ત થઈ શકશે. તીર્થસ્થાનોની યાત્રા કરશો, શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. લક્ષ્મણજી આત્મારામ ઠાકોર (ઉ.વ.૮૫) મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. બચ્ચનભાઈ દ્વારીકભાઈ સહાની (ઉ.વ.૩૫) મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.